# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 21-09-2024** **Midday : 2.30 to 2.35**

**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

---

---------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# KIM RALIWAY

રેલવેના પાયલોટની સતર્કતાને કારણે સુરત નજીક કીમ કોસંબા વચ્ચે ટ્રેન ઉથલાવવાનો પ્રયાસ નિષ્ફળ બનાવાયો હતો..કીમ નદીના બ્રિજ પાસે જોગલ ફિશર પ્લેટ છૂટી કરી રેલવે ટ્રેક પર મૂકી દેવામાં આવી હતી. રાત્રે પસાર થતી ટ્રેનના પાઇલોટના પ્લેટ છુટી કરેલી હોવાનું ધ્યાનમાં આવતા તરત જ ટ્રેન અટકાવી દીધી હતી.. પાયલોટે તુરતજ કીમ રેલવે સ્ટેશન અને કોસંબા સ્ટેશન જાણ કરી હતી...

અધિકારીઓ પણ ઘટના સ્થળે ધસી ગયા હતા હાલમાં છુટા કરાયેલા તમામ પાર્ટસ ફરી પાછા લગાવીને ટ્રેકને પૂર્વવત કરવામાં આવ્યો છે. આ બનાવની ગંભીરતા જોઇને ઘટના સ્થળે રેલવે પોલીસ અને સુરત પોલીસના ઉચ્ચ અધિકારીઓ પહોંચ્યા હતા.. તેમજ રેલવે વ્યવહાર પૂર્વવત કરી દેવાયો હોવાનું જણાવ્યુ હતું.

**(બાઇટ-પોલીસ અધિકારી)**

# MIDDLE CLASS- 100 DAYS

**નરેન્દ્ર મોદી સરકારે ત્રીજી વખત સત્તામાં આવ્યા બાદ શરૂઆતના સમયગાળા દરમિયાન મધ્યમ વર્ગ, માળખાકીય વિકાસ, ખેડૂતો, મહિલાઓ અને યુવાનો પર ધ્યાન કેન્દ્રિત કરીને 15 લાખ કરોડ રૂપિયાના પ્રોજેક્ટ્સ શરૂ કર્યા છે. દેશમાં મધ્યમ વર્ગના સશક્તિકરણ માટે સરકારે અનેક પગલાં લીધાં છે.**

**અમારા સંવાદદાતા જણાવે છે કે નરેન્દ્ર મોદી સરકારે મધ્યમ વર્ગને ઉચ્ચ પ્રાથમિકતા આપી છે. સાત લાખ સુધીની આવક કરમુક્ત કરવામાં આવી છે અને ઉચ્ચ કપાતમાં 50 હજારથી 75 હજાર રૂપિયા સુધીનો વધારો કરવાથી કરોડો કરદાતાઓને ફાયદો થયો છે. મોદી સરકારે યુનિફાઇડ પેન્શન સ્કીમ**

**હેઠળ કેન્દ્ર સરકારના 23 લાખ કર્મચારીઓને 50 ટકા પેન્શનની ખાતરી આપી છે.**

**મધ્યમ વર્ગને રાહત આપવા માટે સોના, ચાંદી પર જકાત ઘટાડીને છ ટકા અને પ્લેટિનમ પર 6.4 ટકા કરવામાં આવી છે. PM સૂર્ય ઘર મફત વીજળી યોજના હેઠળ 3.5 લાખ ઘરોમાં સોલાર સિસ્ટમ લગાવવામાં આવી છે જે મધ્યમ વર્ગ માટે બચતમાં વધારો કરી રહી છે.**

# PM MUDRA YOJNA- BOTAD

બોટાદ શહેરમાં રહેતા પ્રવીણભાઈનું પ્રધાનમંત્રી મુદ્રા યોજના અંતર્ગત સપનુ થયું સાકાર થયું છે... વિડીયો ફોટાગ્રાફી કરી પરિવારનું ગુજરાન ચલાવતા પ્રવિણભાઇને પ્રધાનમંત્રી મુદ્રા યોજનાની લોન મળી હતી.. કોઇપણ જામીન વિના તેમને પચાસ હજારની લોન મળતા પોતાના કેમેરો વસાવીને રોજગારી મેળવવાનું સપનુ સાકર થયું છે. પ્રધાનમંત્રી મુદ્રા યોજના અંતર્ગત કોઇપણ જાતના જમીન વગર 50 હજારની લોન મળતા આજે પોતે ફોટોગ્રાફી કરી પોતાનું ગુજરાન ચલાવે છે. ત્યારે પ્રવીણભાઈએ સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો...

**(બાઇટ- પ્રવિણભાઇ- લાભાર્થી)**

# SURNEDRANAGAR- SEVA SETU

સુરેન્દ્રનગર ખાતે આજે સેવા સેતુ કાર્યક્રમ યોજાઇ ગયો. સુરેન્દ્રનગર દુધરેજ વઢવાણ સંયુક્ત નગરપાલિકા દ્વારા આયોજિત આ સેવા સેતુ કાર્યક્રમમાં વોર્ડ નંબર 1 થી 8 ના નાગરિકોને આધાર કાર્ડ, રેશનકાર્ડ, પ્રધાનમંત્રી આયુષ્યમાન ભારત યોજના વિગેરે સહિત 55 જેટલી સુવિધાનો એક જ સ્થળે લાભ મળે તેવું આયોજન કરાયું હતું. આ કાર્યક્રમમાં નગરપાલિકા પ્રમુખ જીજ્ઞાબેન પંડ્યા, કારોબારી ચેરમેન જીતેન્દ્રસિંહ ચાવડા, ઉપપ્રમુખ પંકજ પરમાર વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# MEHSANA- PM VISHAVKRAMA

મહેસાણા પોસ્ટ વિભાગ હવે માત્ર ટપાલ અને પાર્સલ જ નહીં પણ પોસ્ટ વિભાગ લોકો સુધી વિવિધ સરકારી કલ્યાણકારી યોજનાઓ લોકોના ઘર સુધી પહોંચાડી રહ્યું છે. તેવું પોસ્ટમાસ્તર જનરલ કૃષ્ણકુમાર યાદવે જણાવ્યું હતું.

ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ બેન્કના માદયમથી રૂપિયા 399 માં ટાટા ગ્રૂપની દુર્ઘટના પોલિસી લીધેલ મહેસાણાના બાબુ રબારીની આકસ્મિક મૃત્યુ બાદ તેમના પરિવારને પોસ્ટ માસ્ટર જનરલના હસ્તે 10 લાખ રૂપિયાનો ચેક અર્પણ કરાયો. પીએમ વિશ્વકર્મા યોજનામાં પોસ્ટ વિભાગ દ્વારા મહત્વપૂર્ણ ભુમિકા ભજવાઈ રહી છે.

જે અંતર્ગત કારીગરો કે લાભાર્થી ઓને સાધનની કીટ પોસ્ટ વિભાગ દ્વારા આપવામાં આવી રહી છે. આ યોજનામાં દેશભરમાં ઉત્તર ગુજરાતમાં મહેસાણા પોસ્ટ મંડળના જગનનાથપુરા ગામના રહેવાસી રમેશ સેનમાંને પ્રથમ કીટ અર્પણ કરાઈ હતી.

# GCCI MOU

ન્યૂઝીલેન્ડના નાયબ પ્રધાનમંત્રી વિન્સ્ટન પીટર્સની ઉપસ્થિતિમાં ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી અને ન્યુઝીલેન્ડ ભારત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી વચ્ચે પ્રથમ MoU પર હસ્તાક્ષર કરવામાં આવ્યાં હતાં. આ પ્રસંગે, NZBCCI ભારત ચેપ્ટરના ચેરમેન તરીકે સુધાંશુ મહેતાની નિમણૂક કરવામાં આવી હતી.

આ પ્રસંગે ન્યૂઝીલેન્ડના નાયબ પ્રધાનમંત્રીએ બંને દેશો વચ્ચેના વ્યાપારી સંબંધોને વધુ સુદ્રઢ બનાવવા પર ભાર મૂક્યો હતો.. ન્યૂઝીલેન્ડમાં ભારતના હાઈ કમિશનર નીતા ભૂષણે આગામી ત્રણ વર્ષમાં ભારતનું 5 ટ્રિલિયન ડોલરનું અર્થતંત્ર બનવાના નિર્ધારને દોહરાવ્યો હતો..

# RAVEDI MELA

સંતરામપુર ખાતે અતિ પ્રાચીન અને વર્ષોથી ચાલતી પરંપરા એવા રવાડીના મેળાનો પ્રારંભ થયો છે. વર્ષોની પરંપરા મુજબ જૈન સમાજ દ્વારા ચાંદીનો રથ ખેંચી ભાદરવા સુદ પાંચમથી ચૌદસ સુધી રવેડીના મેળાનો પ્રારંભ કરવામાં આવે છે..

સંતરામપુરના પૂર્વ ધારાસભ્ય તેમજ રાજવી પરમજ્યાદિત્યસિંહ પરમાર તેમજ શિક્ષણમંત્રી કુબેર ડીંડોર પણ ખેલૈયાઓ સાથે ગરબે ઘૂમી આશીર્વાદ પ્રાપ્ત કર્યાં.. સંતરામપુર નગરમાં ચાલતા રવેડીના મેળાનો આનંદ માણવા રાજસ્થાન મધ્યપ્રદેશ તેમજ આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોમાંથી અસંખ્ય લોકો આ મેળામાં આવે છે.